सत्यमेव जयते

મળ્યા તારીખઃ ૦૫ / ૦૮ / ૨૦૨૪
નોંધ્યા તારીખઃ ૦૫ / ૦૮ / ૨૦૨૪
ઠરાવ તારીખઃ ૦૭/૦૮/ ૨૦૨૬
સમયગાળોઃ વર્ષ માસ દિવસ
૦૨ ૦૦ ૦૨

---

**મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પેટલાદ.**

---

**ક્રી.મી. કેસ નં. ૧૭૭૯/૨૦૨૪**
આંક–

**ફરીયાદી–** રઘુભાઈ કરસનભાઈ ગઢવી
રહે.વાસદ સુંદરવન સોસાયટી,
બી–૩૨ એસ.વી.આઈ.ટી રોડ
નવા બસ સ્ટેન્ડ પાસે તા.જી આણંદ

**વિરૂધ્ધ**

**આરોપી–** જીગ્નેશભાઈ ઉર્ફે દિનેશ દિલીપભાઈ વાજા
રહે. જુનાગઢ હાટીના માળીયા ચિત્રકુટ રામ
તા.માળિયા, જી.જુનાગઢ

**ગુનોઃ– ઇ. પી. કો. કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી એક્ટ ૧૭૭,૧૮૪ મુજબ**

---

**સરકાર તરફે એ.પી.પી. શ્રી આર.કે.વંગવાણી**
**બચાવ પક્ષે વિ. વકીલશ્રી આઈ.ઓ.સૈયદ**

---

**–// ઠરાવ //–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૦૭/૦૦ વાગે પોતાનો આઇશર ટેમ્પો નં જીજે–૦૭–વાય.ઝેડ–૭૮૬૪ નો ટેમ્પો તારાપુર–વાસદ હાઇવે રોડ ઉપર

મણીલક્ષ્મી તીર્થ નજીક બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીના સાહેદના અશોક લેલન ટ્રક નં.જીજે–૦૧–એ.ટી–૯૯૭૮ ની જે બંધ હાલતમા પડેલ હોય જેની પાછળ અથડાવી અકસ્માત કરી ફરીના સાહેદ રાજુપાલ વિશ્રામપાલનાઓને જમણા પગમાં ગંભીર તથા શરીરે ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુનો કરેલ છે.

**૨.** આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે પેટલાદ રૂરલ પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસે ફરીયાદ પેટાલાદ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૪/૨૦૧૮થી ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ **ઈ. પી. કો.કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી એક્ટ ૧૭૭,૧૮૪** મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેતાં તેને પોલીસ પેપર્સની નકલો આપી, **આંક–૦૪** થી પ્લી રેકર્ડ કરતાં આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ.

**૩.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદી રઘુભાઈ કરસનભાઈ ગઢવીની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૧૧ | સાહેદ રાજુપાલ વિશ્રામપાલની સોગંદ ઉપરની જુબાની |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદ |
| ૨ | ૧૨ | ગુનાવાળી પંચનામુ |
| ૩ | ૧૩ | રાજુપાલ વિશ્રામપાલનું મેડીકલ સર્ટી |

**૪.** ત્યારબાદ ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા થયા બાદ પડેલ પુરાવાના સંદર્ભે ક્રિમી. પ્રો. કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવા લાયક પુરાવો પડતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. તેમજ આ કામે ફરીયાદી તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવાનો ન હોય **આંક–૧૪** થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**૫.** આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરી શકેલ છે કે,

આ કામના આરોપીએ તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૦૭/૦૦ વાગે પોતાનો આઇશર ટેમ્પો નં જીજે–૦૭–વાય.ઝેડ–૭૮૬૪ નો ટેમ્પો તારાપુર–વાસદ હાઈવે રોડ ઉપર મણીલક્ષ્મી તીર્થ નજીક બેફિકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીના સાહેદના અશોક લેલન ટ્રક નં.જીજે–૦૧–એ.ટી–૯૯૭૮ ની જે બંધ હાલતમા પડેલ હોય જેની પાછળ અથડાવી અકસ્માત કરી ફરીના સાહેદ રાજુપાલ વિશ્રામપાલનાઓને જમણા પગમાં ગંભીર તથા શરીરે ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી **ઇ. પી. કો. કલમ–૨૭૯ તથા એમ.વી એક્ટ ૧૭૭,૧૮૪** અનુસારનો ગુનો આચરેલ છે?

૨. શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરી શકેલ છે કે

આ કામના આરોપીએ તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૦૭/૦૦ વાગે પોતાનો આઇશર ટેમ્પો નં જીજે–૦૭–વાય.ઝેડ–૭૮૬૪ નો ટેમ્પો તારાપુર–વાસદ હાઈવે રોડ ઉપર મણીલક્ષ્મી તીર્થ નજીક બેફિકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીના સાહેદના અશોક લેલન ટ્રક નં.જીજે–૦૧–એ.ટી–૯૯૭૮ ની જે બંધ હાલતમા પડેલ હોય જેની પાછળ અથડાવી અકસ્માત કરી ફરીના સાહેદ રાજુપાલ વિશ્રામપાલનાઓને જમણા પગમાં ગંભીર તથા

શરીરે ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી **ઈ.પી.કો. કલમ–૩૩૭, ૩૩૮** મુજબનો ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

**૬.** ઉપરોકત મુદ્દા અન્વયે મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. આખરી હુકમ મુજબ

**–//કારણો//–**

**મુદ્દા નં. ૧ અને ૨ :–**

**૭.** ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફરીયાદ પક્ષે કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે.

૮. આરોપી પર **ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી એક્ટ ૧૭૭,૧૮૪** મુજબના આક્ષેપો છે. ફરીયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરવાનું રહે છે કે, બનાવના સમયે આરોપી પોતાના કબજાનું વાહન બેદરકારીભરી રીતે, ગફલતભરી રીતે અને પુરઝડપે ચલાવતા હતાં. આમ, ઈ.પી.કો.કલમ–૨૭૯નો ગુનો પુરવાર કરવામાં માત્ર પુરઝડપ નહિ પરંતુ આરોપીની બેદરકારીનું કૃત્ય પણ પુરવાર કરવું અતિ આવશ્યક અને જરૂરી છે. જો કે આરોપીની બેદરકારી હતી તેમ પુરવાર કરવું અતિ મુશ્કેલ હોય છે જેથી ફરીયાદ પક્ષે એવો ઠોસ પુરાવો આપવો જોઈએ કે જેથી આરોપીની બેદરકારી હતી તેમ અદાલતના રેકર્ડ પર પુરવાર થઈ શકે.

૯. વધુમાં ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી રઘુભાઈ કરસનભાઈ ગઢવીને **આંક– ૦૯ થી** તપાસેલ અને તેઓએ પણ જુબાનીમા જણાવેલ કે, તે ઉપર બતાવેલ સરનામે તેના પરિવાર સાથે રહે છે. તેને સોનલકુપા ટ્રાન્સપોર્ટનો બિઝનેસ છે. તેની પાસે તેની માલીકીની પાંચ મોટી ટ્રક ઓપન બોડીની લોડીંગ ગાડી છે

જેમાંથી અશોક લેલન ટ્રક નં. જીજે ૦૧ એટી ૯૯૭૮ જે તેના નામે ખરીદેલ છે. તેના ડ્રાયવરનુ નામ રાજુપાલ વિશ્રામપાલ છે અને તે મધ્ય પ્રદેશનો રહેવાસી છે. તા.૩૦/૧૨/૨૩ના રોજ રઘુભાઈ મોરબી ખાતે પોતાના કામથી ગયેલ હતા ત્યારે સવારના સમયે તેમના મોબાઇલમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાંથી ફોન આવેલ ને જણાવેલ કે, "તારાપુર વાસદ હાઇવે ઉપર મણીલક્ષ્મી તીર્થ પાસે રોડ ઉપર અશોક લેનન ટ્રકની પાછળ લોડીંગ આઇસર ટેમ્પોના ચાલકે અકસ્માત કરેલ છે અને ગાડીના ચાલક રાજુપાલનાઓને પગમાં ગંભીર ઈજાઓ થયેલ છે જેઓને અમે નજીકમાં આવેલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જઈએ છીએ." તેવુ જાણતા તે તુરંત જ અકસ્માત વાળી જગ્યાએ ગયેલ અને જોયેલ તો પોતાના ટ્રકમાં કોલસાની ભુકી ભરેલ હતી જે રોડ ઉપર વીખરાઇ ગયેલ તેમજ આઇસર ટેમ્પોમાં ભરેલા સીંગદાણા પણ વેર વિખેલ પડેલ હતા અને બંને વાહનોને નુકસાન થયેલ હતુ. અશોક લેનન ટ્રકની પાછળ બોડીના ભાગે નુકસાન થયેલુ હતું અને તેના ડ્રાઈવર રાજુપાલને ગંભીર ઈજાઓ થયેલ હતી જેથી તેને વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલા. અકસ્માતની ફરીયાદ તેણે પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં આપેલી. તેને આજ રોજ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેની સહી છે જે તે ઓળખે છે તેમજ તે આઈસર ચાલકને જોયેથી ઓળખી શકે નહી કે તેનો નંબર તેને ખબર નથી. તેવી હકીકત જણાવેલ છે.

**ત્યારબાદ ફરીયાદીની ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ** જેમાં ફરીયાદીએ કબુલ રાખેલ કે, અકસ્માત તેણે નજરે જોયેલ નથી થતાં ફોન દ્વારા તેને બનાવની ખબર પડેલી. વધુમાં તેઓએ કબુલ રાખેલ કે, અકસ્માત કોની બદરકારીથી થયેલ તેની કોઈ જાત માહીતિ નથી.

**૯.૧** વધુમાં ફરીયાદપક્ષે આ કામના સાહેદ રાજુપાલ વિશ્રામપાલ ને **આંક– ૧૧** થી તપાસેલ અને તેઓએ પણ જુબાનીમા જણાવેલ કે, તે ગુજરાતી ભાષા જાણે છે અને સમજી શકે છે. તે ગઇ તા.૨૯–૧૨–૨૦૨૩ ના રોજ ટ્રક લઈને મોરબીથી કોલસા ભરી સાંજના છ વાગે જંબુસર જવા માટે તે એકલો નિકળેલ. તે આ ટ્રક લઇને બગોદરા તારાપુર ચોકડી થઈ ને તા.૩૦–૧૨–૨૦૨૩ ના રોજ આશરે સવારના સમયે માણેજ ગામનો બ્રીજ વટાવી મણીલક્ષ્મી તીર્થ નજીક પહોચતાં

તેના ટ્રકની ગીયરની પાઈપ નિકળી ગયેલ હોય જેથી તે ત્યાં ટ્રક સાઈડમાં પાર્ક કરી ટ્રક નીચે બોલ્ટ ફીટ કરતો હતો તે વખતે અચાનક પાછળથી કોઈ વાહને તેના ટ્રકને ટક્કર મારતાં ટ્રકનુ આગલુ વ્હીલ તેના જમણા પગ ઉપર ચઢી જતાં તેને પગ પર ગંભીર ઈજા થયેલી, જેથી આજુબાજુના માણસો બધા ભેગા થઈ જતાં કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં તેને પ્રથમ પેટલાદ સરકારી દવાખાને લઈ ગયા અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.હોસ્પીટલમાં લઈ ગયેલા ત્યા તેના જમણા પગના જાંગના ભાગથી અલગ કરી ઓપરેશન કરેલ છે. સદર બનાવની ફરીયાદ તેના શેઠ રઘુભાઈ કરશનભાઈ ગઢવીનાઓએ પેટલાદ રુરલ પો.સ્ટે.માં આપેલી. પોલીસે તેનુ નિવેદન લીધેલુ. તેવી હકીકત જણાવેલ છે.

**ત્યારબાદ ફરીયાદીની ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ** જેમાં ફરીયાદીએ કબુલ રાખેલ કે, અકસ્માત વાળો રોડ હાઈવે રોડ છે. ત્યાં ઘણા બધા લોકોની અવર–જવર હોય છે. અકસ્માત કરનાર કોણ હતુ તેની તેને કોઈ માહીતિ નથી. વાહન ચાલક કોણ હતુ કે તેનો નંબર શુ હતો કે વાહનની સ્પીડ કેટલી હતી તેની તેને ખબર નથી.

**<u>મૂલ્યાંકન</u>**

**૧૦.** સદરહું કેસમાં બનાવમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવેલ હતુ તેવું ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે. એટલું જ નહી બનાવ સમયે વાહનની ગતિ નિર્ધારિત ગતિ કરતા વધુ હતી તેવું પણ ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે.

આ સંદર્ભે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. માલતીબેન શાહ, ૧૯૯૩(૨) જી.એલ.આર. પાના નં. ૧૬૦૦</u>** તેમજ **<u>કનૈયાલાલ અરજણદાસ વિ. ત્રિભુવનદાસ દેવસીલાલ ૧૯૯૭(૨) જી. એલ. એચ. ૮૬૪</u>** તેમજ **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. મોહંમદ શરીફ ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૫૬૧</u>** ના ચુકાદાઓમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયાં સુધી આરોપીની બેદરકારી પુરવાર ન થાય તેમજ આચરવામાં આવેલ કૃત્ય બેફામપણે તેમજ બેદરકારીપુર્વક આચરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી. આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત મારી સમક્ષના હાલના કેસને પણ સંપુર્ણપણે લાગુ

પડે છે.

વધુમાં, આ સંદર્ભે **<u>નાથુલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૯૯૮ ક્રિમીનલ લો જનરલ પાનાનં. ૩૮૬૧(રાજસ્થાન)</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપી વાહન ચલાવતાં હતાં તેમજ તે વાહન ખુબ ઝડપથી ચલાવતા હતાં તેવો પુરાવો ઉપલબ્ધ હતો. પરંતુ સદર વાહન બેદરકારીપુર્વક ચલાવતાં હોય તેવો પુરાવો આવતો ન હતો અને આરોપી વાહન પુરઝડપે ચલાવતાં હતાં તેટલો પુરાવો આરોપીને સજા કરવા પર્યાપ્ત ગણી શકાય નહી. ગુનામાં રહેલ બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી તેમજ બેદરકારી પુરવાર થવી જોઇએ. આ કલમમાં વર્ણવવામાં આવેલ બેદરકારીના કુત્યમાં બેદરકારીની માત્રા ઉંચી હોવી જોઇએ. વધુમાં **<u>મોહંમદ અજમુદ્દીની વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ એ.આઇ.આર. ૨૦૦૦( સુપ્રિમ કોર્ટ) પાના નં. ૨૫૧૧</u>** માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયારે આ કલમ હેઠળ આરોપી સામે કામ ચલાવવામાં આવે ત્યારે આરોપીની બેદરકારીની માત્રા કેટલી હતી તે ધ્યાને લેવી જોઇએ તેમજ આરોપી પોતાનું વાહન બેફામપણે તેમજ બેદરકારીપુર્વક ચલાવતાં હતાં તેમજ તે બેદરાકરી નિવારવા માટે આરોપી સક્ષમ હતાં તેમજ આરોપીએ સાવચેતી રાખી હોત તો અકસ્માત નિવારી શકયો હોત તેવી હકીકત પુરવાર થાય તો જ આરોપીને આ કલમ હેઠળ સજા થાય. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલો પુરાવો જોતાં અકસ્માત સમયે તેમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવતું હતુ અને આ કામના આરોપી આ વાહનના ચાલક હતાં તેવું નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ જાય છે. આથી આ બંને ઓથોરીટીવાળા ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત મારી સમક્ષના આ કેસમાં પણ સંપુર્ણપણે લાગુ પડે છે.

**૧૧.** ઉપરોક્ત પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી રઘુભાઈ કરસનભાઈ ગઢવીને તપાસેલ છે અને તેઓનો પુરાવો ધ્યાને લઇએ તો તેના પુરાવામાં તેમણે બનાવ નજરે જોયેલ નથી. બનાવની જાણ તેમને ફોન દ્વારા થઈ હતી. ટ્રકની પાછળ બોડીના ભાગે નુકસાન થયેલ હતુ. તેમજ ડ્રાઈવરને પગમાં ગંભીર ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદરહુ

બનાવ કોની બેદરકારીથી બન્યો તેની કોઈ હકીકત જણાવેલ નથી. અકસ્માત વખતે ટ્રક કોણ ચલાવતુ હતુ તે તેઓએ નજરે જોયેલ નથી તથા પોલીસે તેની રૂબરૂ કોઇ આરોપીની ઓળખ કરાવેલ નથી તેવુ જણાવેલ છે. આમ, હાલના કામમા સદરહુ ફરીયાદીના પુરાવાથી અકસ્માત થયેલ હોવાનુ પુરવાર થાય છે. પરંતુ સદરહુ ટ્રક હાલનો આરોપી ચલાવતો હોય અને તેના કસુરના કારણે અકસ્માત થયેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

વધુમાં આ કામમાં સાહેદ રાજુપાલ વિશ્રામપાલનો પુરાવો ધ્યાને લઈએ તો તેના પુરાવામાં પણ તેઓ ટ્રક સાઈડમાં કરી નટ બોલ્ટ ફિટ કરતા હતા તે વખતે અચાનક પાછળથી કોઈ વાહને તેમના ટ્રકને ટક્કર મારેલ તેવી હકીકત જણાવેલ છે. તેમજ તેમને પગમાં ગભીર ઈજા થયેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ ઉલટ તપાસમાં કબુલ રાખેલ કે અકસ્માત વખતે  અકસ્મતા વખતે વાહનની સ્પીડ શુ હતી કે વાહનનો નંબર શુ હતો તેની તેને ખબર નથી તેમજ વાહન ચાલક કોણ હતો તેની તેમને જાણ નથી. વધુમાં હાલના સાહેદ રૂબરૂ પણ આરોપીની કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી તેમજ તેમનુ કોઇ નિવેદન લીધેલ નથી તેવુ જણાવતા હોય ત્યારે હાલના સાહેદના પુરાવાના આધારે પણ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

**૧૨**. આમ, હાલના કામમાં સદરહુ તપાસ અધિકારીના પુરાવાથી ફક્ત અકસ્માત થયેલ હોવાની હકીકત સાબિત થાય છે પરંતુ હાલના તપાસ અધિકારીના પુરાવાથી બનાવ વખતે હાલનો આરોપીએ સદરહુ ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી અકસ્માત કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. તેથી હાલના કામમાં ઉપરોક્ત સાહેદના પુરાવાના આધારે પણ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ,જયારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન બેદરકારી પુર્વકનુ અથવા આરોપીએ પુરઝડપે હંકારી ચલાવેલ હોય તેવું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. આ સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો અહિં ફરીયાદપક્ષે ફરીયાદી તથા ફરીયાદ પક્ષના કેસ અનુસારના અન્ય સાહેદને સોગંદ પર તપાસેલ છે અને આ સાહેદોના પુરાવો વંચાણે લેવામાં આવે તો કોઇ પણ સાહેદે બનાવમાં સંડોવાયેલ વાહનના ચાલકે પોતાની હવાલાવાળી ગાડી ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ચલાવેલ હોય

તેવું પ્રસ્થાપિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ તમામ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો હાલના વાહનની ઝડપ સબબ તથા બેદરકારી સબબ કોઇ સચોટ કે ચોકકસ પુરાવો આપેલ નથી. આમ, તે રીતે તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થઇ શકતાં નથી. આમ, તે રીતે તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થઇ શકતાં નથી.

**૧૩.** અહિં તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૩૩૭,૩૩૮ ના આક્ષેપો કરવામાં આવેલ છે. હવે વાહન અકસ્માતના કેસોમાં ઈ.પી.કો. કલમ ૩૩૭,૩૩૮ ઈ. પી.કો.કલમ ર૭૯ ની આનુષંગીક કલમ ગણાય, એટલે કે જો ઈ.પી.કો.કલમ ર૭૯ના આક્ષેપો પુરવાર થઈ શકે તો જ ઈ.પી.કો.કલમ ૩૩૭,૩૩૮ ના આક્ષેપો પુરવાર થઈ શકે. ઉપરોકત કરવામાં આવેલ વિગતવારની ચર્ચા અનુસાર જયારે ઈ.પી.કો.કલમ–ર૭૯ ના જ આક્ષેપો પુરવાર થઈ શકતા નથી તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ ૩૩૭,૩૩૮ ના આક્ષેપો પણ પુરવાર થઈ શકતા નથી.

**૧૪.** ઉપરોકત તમામ ચર્ચા એકીસાથે વંચાણે લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાથી માત્ર અને માત્ર અકસ્માત થયેલ હોવાની હકીકત તથા તે અકસ્માતમાં ઈજા થયેલ તેમજ મરણ થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થઈ શકે છે પરંતુ આ સમગ્ર પુરાવાથી તહોમતદારની વાહન ચાલકની બેદરકારી શંકારહીત પુરવાર થઈ શકતી નથી. જેથી તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો શંકારહીત પુરવાર થઈ શકતા ન હોવાથી મુદ્દા નં.૧, ર નો જવાબ નકારમાં ઠરાવવાના નીર્ણય પર આ અદાલત પહોંચેલ છે. સવાલ નં.૩ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ કરી આપવામાં આવે છે.

## **–//હુકમ//–**

૧. આ કામના આરોપી જીગ્નેશભાઈ ઉર્ફે દિનેશ દિલીપભાઈ વાજા રહે. જુનાગઢ હાટીના માળીયા ચિત્રકુટ રામ તા.માળિયા, જી.જુનાગઢ નાઓને ક્રિમી.પ્રો.કો. કલમ–ર૫૫(૧) અન્વયે **ઈ.પી.કો. કલમ–ર૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી એક્ટ**

**૧૭૭,૧૮૪** ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમી. પ્રો. કોડની કલમ ૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અથવા નવા જામીન રજુ કરવા અને અપીલ સમય પુરો થયા બાદ જામીન રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.–૦૭, માહે–ઓગસ્ટ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ–૦૭ / ૦૮ /૨૦૨૬

સ્થળ– પેટલાદ

**(અરૂણ જ્યોતિષ વાસુ)**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**પેટલાદ**
કોડ નં. જી.જે.૦૧૩૯૭

સ્ટેનો: ડી.જે.સોલંકી